ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૯ ટકા

# આજે હનુમાન જયંતિએ ભાવિકો રામભક્તની ભકિતના રંગે રંગાશે

**શહેરના વિવિધ મંદિરોમાં સુંદરકાંડના સંગીતમય પાઠ, મારૂતિયજ્ઞ , હનુમાન ચાલીસા, રામધુન, મહાઆરતી સહીતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન**
**હનુમાન મંદિરોમાં ભાવિકોની ભીડ જામશે : ડભોડિયા હનુમાન મંદિરમાં કેક કપાશે : ૧૧૧૧ ડબ્બા તેલનો અભિષેક, મારૂતિયજ્ઞ અને શોભાયાત્રાનો કાર્યક્રમ**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરમાં હનુમાન જયંતિ ભારે ધુમધામથી ઉજવાશે. હનુમાનજીના મંદિરોમાં ભકતોની ભારે ભીડ જામશે. જયારે જય બજરંગ બલીના નારાથી સમગ્ર મંદિર પરિસરો ગુંજી ઉઠશે. હનુમાન જયંતિને લઈ મંદિરો દ્વારા ખાસ મારુતિ યજ્ઞ, હનુમાન ચાલીસા, સંગીતમય સુંદરકાંડના પાઠ, રામધુન, મહાઆરતી સહિતના આયોજન કરવામાં આવ્યા છે. જયારે જિલ્લાના પ્રસિધ્ધા ડભોડીયા હનુમાન દાદાના મંદિરે ૧૧૧૧ ડબ્બાના તેલનો અભિષેક કરાશે. જયારે સમગ્ર ગામના માર્ગો પર દાદાની શોભાયાત્રા ફરશે અને ભકતો દ્વારા કેક કાપીને ભવ્ય ઉજવણી કરાશે.

ચારો યુગ પરતાપ તુમ્હારા..હૈ પ્રસિધ્ધ જગત ઉજિયારા..રામદુત હનુમાનજી કળિયુગમાં સાક્ષાત હોવાનો અહેસાસ ભાવિકોએ કર્યો છે. આજે હનુમાન જયંતિ નિમિત્તે શહેર તેમજ જિલ્લાના અનેકવિધ મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. નાસે રોગ હરે સબ પીડા જપત નિરંતર હનુમંત વીરા..શહેરના હનુમાન મંદિરમાં દર શનિવાર તેમજ મંગળવારે ભાવિકોની વિશેષ ભીડ જોવા મળે છે. હનુમાનજીને તેલ અને આંકડાની માળા અર્પણ કરવાથી પીડાનો નાશ થાય છે તેવી અતુટ શ્રધ્ધા સાથે ભાવિકો રામભકત હનુમાનજીની પુજા અર્ચના કરે છે. ગાંધીનગરમાં સે-૧૭ હનુમાન મંદિર પણ ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન છે. જયારે ડભોડાનુ હનુમાન મંદિરે પણ ભાવિકોનુ ઘોડાપુર ઉમટે છે. હનુમાન મંદિરમાં સુખડીના પ્રસાદનુ પણ વિતરણ કરવામાં આવે છે. હનુમાન જયંતિ નિમિત્તે ડભોડા હનુમાન મંદિરમાં સવારે ૫ કલાકે મારુતિ યજ્ઞનો પ્રારંભ થશે. ત્યારબાદ ૮ :૩૦ કલાકે દાદાની મુર્તિ પર ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક સવારે ૯ : ૩૦ કલાકે બેન્ડવાજા સાથે શોભાયાત્રા જયારે ૧૧ : ૪૫ કલાકે ધ્વજા રોહણ, ૧૨ કલાકે મહાઆરતી જયારે આરતી બાદ ૧૫૧ કિલોની કેક કાપીને હનુમાનજીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. સે-૧૭ હનુમાન મંદિરમાં પણ હનુમાન જયંતિ નિમિત્તે મહાઆરતી સહીત અનેક વિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે સ્થિત હનુમાન મંદિરમાં પણ હનુમાન ચાલીસા તેમજ આરતીનો કાર્યક્રમ યોજાશે. સે-૨૨ પંચદેવ મંદિરમાં પણ હનુમાન જયંતિ નિમિત્તે મહાઆરતી સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સે-૪ હનુમાન મંદિર તેમજ શનિદેવ મંદિરે પણ હનુમાન ચાલીસા સહીત ધાર્મિક કાર્યક્રમો યોજાશે. શહેરના સે -૨ માં સ્થિત બાલા હનુમાનજી મંદિર ખાતે સવારે ૯ કલાકે સંગીતમય મારુતિયજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સંજયભારતી ગોસ્વામીના કંઠે સુંદરકાંડના પાઠનુ આયોજન કરાયુ છે. ત્યારબાદ સાંજે ૮ કલાકે હનુમાનજીની આરતી કરવામાં આવશે. સે-૨૯ જલારામ ધામ ખાતે સાંજે ૭:૩૦ કલાકે સુંદરકાંડના પાઠનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વાવોલ કિર્તિધામ સોસાયટીમાં રાત્રે ૮:૩૦ સુંદરકાંડના સંગીતમય પાઠ કરવામાં આવશે. વાવોલ નિલકંઠ વિલા ફલેટમાં યોગેન્દ્રસિંહ ચાવડાના નિવાસ સ્થાને કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે બપોરે ૨ કલાકે સુંદરકાંડના પાઠનુ આયોજન કરાયુ છે. સરગાસણમાં પણ સંપદ પ્રાયમ એપાર્ટમેન્ટ પ્રવિણ રાઠોડના નિવાસ સ્થાને રાત્રે ૮ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. રાંદેસણમાં ઉર્જાનગર વિભાગ -૨ માં સ્થિત પંચદેવ મંદિરમાં રાત્રે ૮ :૩૦ કલાકે કનૈયાલાલ પંડયાની વ્યાસ પીઠે સંગીતમય સુંદરકાંડના પાઠ કરવામાં આવશે.



આપણા દેશમાં કોઈ ગામ એવુ નહિ હોય કે જ્યાં હનુમાનજીની એકાદ નાની ડેરી ના હોય અને એવુ એક પણ હિંદુ મંદિર નહિ હોય કે જ્યા જમણી બાજુ હનુમાનજીની મૂર્તિ સ્થાપિત ન હોય. કપિશ્વર, અંજની સુત, પવનકુમાર, બજરંગબલી, વિદ્યાવાન, શંકર સુવન, શંકટમોચન, કેસરીનંદન, મારૂતીનંદન બન્યા એવા કે સૌના વંદનીય બની ગયા. શ્રીમદ ભગવદ્ ગીતાથી જેમ મહાભારત શોભે છે તેમ એક સુંદરકાંડથી આખુ રામાયણ શોભી ઉઠે છે. સુંદરકાંડ એ હનુમાનજીનુ ઓળખપત્ર છે તો હનુમાન ચાલીસા હનુમાનજીનું અનોખુ આધારકાર્ડ છે અને આજે પણ જ્યાં જ્યાં રામકથા થાય છે ત્યાં ત્યાં હનુમાનજી કથાશ્રવણ માટે બિરાજમાન હોય છે. નવ પ્રકારની ભક્તિ કરવામાં એક નામ સૌથી મોખરે છે. શ્રી રામભક્ત હનુમાન. શ્રવણ, કિર્તન, અર્ચન, સ્મરણ, સખ્ય, દાસ્ય, પાદસેવન અને આત્મનિવેદન એ નવધા ભક્તિ છે.

- પી.એમ. પરમાર

**@ગાંધીનગર**

● ગિયોડના અંબાજી મંદિર ખાતે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાકે રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા અલ્કાબેન પટેલના નિવાસસ્થાન એ/૨, ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા શકિત ચોક મંદિર સે-૩-સી ખાતે બપોરે ૧ થી ૩ આનંદનો ગરબો યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા નરેશભાઈ પરમાર પ્લોટ નં. ૧૧૬/૧, સે-૩- ન્યુ ખાતે રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● વંદેમાતરમ પરિવાર દ્વારા જયાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૨, સે-૨૮ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● રણછોડ બહુચર મંડળ દ્વારા લીંબડીયા હનુમાન સરકારી પ્રાથમિક શાળા બાજુ બપોરે ૩ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● બહુચર મંડળ દ્વારા ભરતભાઈ ચૌધરી, પ્રતાપપુરા ખાતે બપોરે ૧ થી ૪ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● અંબાજી મંદિર ઉવારસદ ખાતે રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન આનંદનો ગરબો બહુચર મંડળ દ્વારા પ્રવિણાબેન તરફથી યોજાશે.

**ચિરવિદાય**

● સ્વ. કૈલાસબેન રમણલાલ ઠાકર, ઉ.વ. ૮૨

# શહેરમાં શાકભાજી મોંઘુદાટ બનતા ગૃહિણીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧૮

શહેરના શાકમાર્કેટમાં રૂ.૨૦થી ૪૦ના કિલોના ભાવે વેચાતા શાકભાજી હાલ મોંઘાદાટ બન્યા છે. શાકભાજી મોંઘુ બનતા ગૃહિણીઓ પરેશાન બની ગઈ છે. ટીંડોડા, પરવર, ગવાર, કારેલા, ભીંડા, સરગવો જ બજારમાં નજરે પડે છે. જયારે કોબીજ અને ફલાવર નાગરીકોને હાલ પસંદ પડતા નથી. ત્યારે ગવાર, પરવર, કારેલા અને મરચા સહિતના અન્ય શાકનો કિલોના ભાવ હાલના સમયે રૂ. ૧૦૦ થી ૧૨૦ થયો છે. ત્યારે શાકભાજીના અચાનક વધી ગયેલા ભાવનો પગલે શાકમાર્કેટમાં રૂ.૨૦૦ માં પણ શાકભાજીથી મહિલાઓની થેલી ભરાતી નથી. તો બીજીતરફ હોટલ-રેસ્ટોરન્ટમાં પણ રૂપીયા ખર્ચીને નાગરીકોને પસંદગીના શાક જમવામાં મળતા નથી. ત્યારે હાલના સમયે ઉનાળાની કાળઝાળ ગરમીમાં સવાર-સાંજ શું શાક કરવું તે દરેક મહિલાની મથામણ હોય છે.

ઉનાળાની ગરમીને પગલે શહેરના શાકમાર્કેટમાં શાકની આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. શાકની ઓછી આવક અને ગણતરીના શાક આવતા હોવાથી શાકનું બજાર ઉંચકાયું છે. અત્યાર સુધી જે શાકભાજી રૂ.૨૦ થી ૪૦ કિલોના ભાવે વેચાણ થતું હતું, તેના સ્થાને રૂ.૧૦૦થી ૧૨૦થઈ ગયા છે. હાલ બજારમાં ગવાર, ટીંડોડા, પરવર, ભીંડા, કારેલા ના ભાવ આસમાને આંબે છે. જયારે કોબીજ, ફલાવર, ગલકા, તુરીયા, દુધી, ડુંગળી-બટાકા અને ટામેટા પણ રૂ.૨૦થી ૪૦ કિલોના ભાવે વેચાય છે. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી મરચના ભાવમાં પણ અધધ ઉછાળો જોવા મળ્યો છે. મરચા રૂ.૪૦ થી ૫૦ કિલો વેચાતા હતા તેના ભાવ હાલ બમણા થઈ જવા પામ્યા છે. મહિલાઓને સવાર-સાંજ શુ શાક બનાવવુ તેની મથામણ કરતા હોય છે. જયારે કેટલાક મહિલાઓએ શાકના સ્થાને કઠોડનો ઉપયોગ સવિશેષ કરી રહ્યા છે. જયારે નાગરીકોને હોટલ કે રેસ્ટોરન્ટમાં ગમે તેટલા રૂપીયા ખર્ચવા છતા પસંદગીના શાક જમવા માટે નશીબ થતા નથી. જયારે શાકના ભાવને પગલે નાગરીકો શું શાક ખરીદવું તેની મથામણ કરતા બજારમાં નજરે પડે છે.

# અડાલજ ત્રિમંદિર પાસે કારની ટક્કરે એકટીવા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર શહેરને અડીને આવેલા અડાલજ ત્રિ-મંદિર સામે ગુરુવારના રોજ બપોરના સુમારે કાર ચાલકે એકટીવા ચાલકને પાછળથી ટક્કરની ટકકર વાગતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એકટીવા ચાલક રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેને પગલે તેમનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી કાર ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કલોલ મહાલક્ષ્મી હોસ્પિટલની પાસે આવેલ શ્રી નગર સોસાયટી વિસ્તારમાં શ્રી નિવાસ એવન્યું ફલેટ નં.૩૦૬ માં રહેતા પ્રવિણભાઈ પટેલ ગુરુવારના રોજ બપોરના સુમારે એકટીવા નં. જી.જે.૧૮. સી.ક્યુ.-૫૦૯૧ લઈને અડાલજ ત્રિ-મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સેલેરીયો કાર નં જી.જે.૦.૧.આર.એસ.નં-૨૩૧૮ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી એકટીવાને પાછળથી ટક્કર મારતા એકટીવા ચાલક માર્ગ પર પટકાયા હતા. જેમાં એકટીવા ચાલક પ્રવિણભાઈને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ તેમનું મૃત્યું નિપજ્યું હતું. અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અને મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે અકસ્માત સર્જીને કાર ચાલક ફરાર થઈ ગયો હતો . બનાવ અંગે મૃતકના દિકરા જયેશકુમારે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર કાર ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



આજે નાગરોના ઈષ્ટદેવ હાટકેશ દાદાની જન્મજયંતિની શહેરમાં ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. પાટનગરમાં મોટી સંખ્યામાં નાગરો વસી રહ્યા છે. શહેરના વીસનગરા નાગર સમાજ હાટકેશ દાદાના પ્રાગટય દિને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના નાગર પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરી હતી.

# સિવિલમાં આડેધડ વાહન પાર્કિંગને પગલે વાહનચોરી માટે મોકળુ મેદાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલમાં રોજના હજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલ ચોવીસ કલાક દર્દીઓથી ધમધમતી રહે છે. ત્યારે દર્દીના સગાઓ અને મુલાકાતીઓ આડેધડ વાહન પાર્ક કરે છે. જેથી વાહન ચોરી માટે તસ્કરોને મોકળુ મેદાન મળી ગયુ હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ કેમ્પસમાંથી છાશવારે વાહનોની ઉઠાંતરી થવા પામે છે. ત્યારે કેમ્પસમાંથી વાહનચોરી અટકાવવા માટે તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય કરવો પડશે.

ગાંધીનગર શહેરમાં ચોરીનો સિલસિલો પછી એ વાહનચોરી હોય કે ઘરફોડ ચાલુ જ છે. દરેક જગ્યાએ સીસીટીવી કેમેરા મુકવા છતાં ચોરો તેમની કળા કરી જતા રહે છે. સિવિલ કેમ્પસ વાહન ચોરી માટે રોજ બરોજ સોફટ ટાર્ગેટ બની રહ્યું છે. દર્દીના સગા અને કેમ્પસમાં ફરજ બજાવતા કર્મચારીઓના વાહનો પણ સલામત રહ્યા નથી. સિવિલના સ્ટાફના કર્મચારીઓ, તબિબિ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાહનો, ડોકટર્સના અને અન્ય વાહનો મુકતા સિવિલમાં ચો તરફ વાહનો જ દેખાય છે.જયારે પાર્કીંગમાં નજીવો ચાર્જ હોવા છતા કેટલાક વાહન માલીકો ગમે ત્યાં વાહન પાર્ક કરીને જતા રહે છે. જેને પગલે ચોર ઈસમોને ચોરી કરવા માટે સરળતા રહે છે. જેથી કેમ્પસમાંથી વાહન ચોરી અટકાવવા માટે સિવિલ તંત્રએ યોગ્ય કાર્યવાહી કરવાની જરુરીયાત ઉભી થવા પામી છે.

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા મતદાન જાગૃતિ મનોરંજન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૮

હાલમાં દેશભરમાં મતદાન મહાપર્વ ચાલી રહ્યો છે ત્યારે ગાંધીનગરના નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉદ્દેશ્ય સાથે સંસ્કૃતિ સંસ્થા દ્વારા તા. ૨૦-૪-૨૦૧૯ને શનિવારે સાંજે ૬ કલાકે ઘ-૪ પાસે સ્વર્ણિમ પાર્ક સરદાર વલ્લભભાઈના સ્ટેચ્યુ પાસે ફન સ્ટ્રીટનું આયોજન કરાયું છે. આ જાગૃતિ કાર્યક્રમમાં નાગરિકોને વિવિધ મનોરંજન કાર્યક્રમ દ્વારા વધારે મતદાન કરવા અપીલ કરાશે અને આ કાર્યક્રમમાં બોલિવુડની જાણીતી અભિનેત્રી અવની મોદી તથા અઘોરી મ્યુઝિકના કલાકારો હાજર રહેશે આ ઉપરાંત નાગરિકો માટે ડાન્સ, ઝુમ્બા ગીત-સંગીત સહીતના કાર્યક્રમો યોજાશે તેમ સંસ્થાના મેહુલ ભોજકે જણાવ્યું હતું.



ભગવાન મહાવીર જન્મજયંતિ નિમિત્તે વી.કેર ફાઉન્ડેશન દ્વારા શ્રમિક વર્ગ માટે પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના મંત્રી રાજુભાઈ, ખજાનચી ગણેશભાઈ, ટ્રસ્ટી અશોકભાઈ, જયંતિભાઈ તથા સભ્યો દ્વારા ગરીબ પરીવારના શ્રમિકોને સ્લીપર્સ-ચંપલની એક જોડ આપવામાં આવી હતી.

# છાશ પીવાથી ‘લૂ’ નહી લાગે પરંતુ ખિસ્સું જલ્દી ખાલી થશે!!!

**શહેરમાં અમુલ છાશની થેલી પર ‘સર્વિસ’ ચાર્જના નામે ચાલતી લુંટ : એમઆરપી રૂ. ૧૦ની સામે મોટા ભાગના ખાનગી પાર્લરધારકો રૂ. ૧૧ વસુલે છે**

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં એક દિવસના કમોસમી વરસાદી માહોલે આકરી ગરમીમાં જરીક જેટલી રાહત તો આપી પરંતુ ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં જો કોઈ રોજે રોજ રાહત આપી શકતું હોય તો તે ‘ઉનાળાનું અમૃત’ કહેવાતી ઠંડી છાશ જ છે. આ કારણે જ ઉનાળામાં છાશનો ઉપાડ ખૂબ વધી જાય છે અને આ સ્થિતિનો લાભ ઉઠાવી શહેરના છાશ વિતરણ કરતા પાર્લર ધારકો નગરજનોને સર્વિસ ચાર્જના નામે ખંખેરતા અચકાતા નથી. શહેરના લગભગ મોટા ભાગના પાર્લર પર અમૂલ છાશની એક કોથળી જેની એમઆરપી રૂ. ૧૦ છે તેના પર ખુલ્લેઆમ રૂ. ૧૧ વસુલવામાં આવી રહ્યા છે.

ઉનાળામાં છાશનું સેવન કરવાથી ‘લૂ’ લાગતી નથી પરંતુ તમારું ખીસ્સું જલ્દી ખાલી થઈ શકે છે કેમ કે શહેરમાં છાશના વિતરણમાં લૂંટ ચાલી રહી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં અમૂલ છાશની એક





થેલી જેની એમઆરપી રૂ. ૧૦ લખેલી હોય છે તેના પર શહેરના મોટા ભાગના વિતરકો રૂ. ૧ વધારે માંગી ગ્રાહક પાસેથી રૂ. ૧૧ વસુલે છે. આમ સીધે સીધા ૧૦ટકા રકમ એમઆરપી કરતા વધુ વસુલી ગ્રાહકોને ખુલ્લેઆમ છેતરવામાં આવી રહ્યા છે પરંતુ સરકારનું ગ્રાહક સુરક્ષા તંત્ર આંખ આડા કાન કરી રહ્યું હોય તેવું ભાસી રહ્યું છે. એમઆરપીના નિયમ મુજબ કોઈ પણ વેપારી છાપેલી એમઆરપી કિંમત કરતા વધુ નાણાં ગ્રાહક પાસથી લઈ શકે નહી, તે ગુનો બને છે. આમ છતાં વેપારીઓ ખુલ્લેઆમ છાશની થેલી દીઠ રૂ. ૧ વધુ વસુલી રહ્યા છે અને ગ્રાહકો જો આ બાબતે સવાલ કરે તો વધારાની કિંમત છાશને ઠંડી રાખવાનો સર્વિસ ચાર્જ હોવાનું જણાવી દેવાય છે. જો કે નિયમ મુજબ જેમ આઈસ્ક્રીમ, ઠંડા પીણા, માખણ, દૂધ-દહીં વગેરેને ફરજીયાત ફ્રિઝરમાં ઠંડા રાખીને જ વેચવા જોઈએ તેમાં છાશનો પણ સમાવેશ થાય છે. શહેરમાં ખાનગી વિતરકો જેવા કે ઠંડા પીણા-આઈસ્ક્રીમના પાર્લરધારકો તથા પાનની કે કરિયાણાની દુકાનેથી દૂધ છાશ વેચતા વપારીઓમાં મોટા ભાગના વેપારીઓ ગ્રાહકોને ‘સર્વિસ ચાર્જ’ના નામે છેતરી રહ્યા છે જેમની સામે ગ્રાહક સુરક્ષા વિભાગે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી શહેરમાં માંગ ઉઠવા પામી છે.

# દેશની અંદર રહેલા દુશ્મનને હરાવે તે પણ ‘ધ રીઅલ હીરો..!!’

**શહેરના યુવાનોએ બનાવેલી ‘ધ રીઅલ હીરો’ શોર્ટ ફિલ્મને યુ-ટયુબ પર પ્રોત્સાહક પ્રતિસાદ**

ગાંધીનગર, તા.૧૮

દેશભરમાં ચાલી રહેલી લોકસભાની ચુંટણીઓમાં રાષ્ટ્ર સુરક્ષા મુખ્ય મુદ્દો બન્યો છે. તાજેતરમાં જમ્મુ-કાશ્મિરના પુલવામાં ખાતેના આતંકી હુમલા અને તે પછી ભારતે કરલી એર સ્ટ્રાઈકની ઘટનાઓના પગલે દેશભરમાં રાષ્ટ્રભકિતનો જુવાળ જોવા મળી રહ્યો છે. જો કે દેશના દુશ્મન માત્ર સરહદ પાર જ નહી પરંતુ દેશની અંદર જ આપણી આસપાસ પણ હોય છે. જેમને ઓળખી તેની સામે સતત લડત આપવી આપણા સૌની ફરજ છે. આવા જ એક દુશ્મન ગંદકીને ‘સ્વચ્છતા અભિયાનની’ સતત સર્જીકલ સ્ટ્રાઈક ચાલુ રાખી મ્હાત આપતો સંદેશ આપતી એક શોર્ટ ફિલ્મ ‘ધ રીએલ હીરો ગાંધીનગરના યુવાનો દ્વારા



બનાવવામાં આવી રહી છે જેને યુ-ટયુબ પર ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

‘ધ રીઅલ હીરો’માં દશના સૈનિકોને ફિલ્મસ્ટાર કે ક્રિકેટર્સ કરતા પણ વધુ મોટા સેલીબ્રિટી ગણાવવાની સાથે દરેક વ્યકિતએ જીવનમાં સ્વચ્છતા અપનાવી પોતાની જાતને જ ‘રીઅલ હીરો’ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો છે. ‘દેશ સ્વચ્છ હશે તો સ્વસ્થ રહેશે’ તેવા મહત્વના સંદેશને ઉજાગર કરતી આ ફિલ્મ શહેરના યુવા સર્જક વિનય મિસ્ત્રીએ લખી છે. જેનું નિર્માણ આરવી પ્રોડકશનના બેનર હેઠળ નિર્માતા મિનેશ વ્યાસ દ્વારા કરાયું છે. જયારે ફિલ્મનું દિગ્દર્શન જાણીતા ફોટોગ્રાફર દિપક વ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મમાં દિપક વ્યાસ ઉપરાંત ઉષા ભાટીયા, રાજન ત્રિવેદી, રાહુલ વ્યાસ, ઋષિકેશ શુકલ, મિત પટેલ, ફાલ્ગુની વ્યાસ અને મહેશે અભિનય કર્યો છે. આ શોર્ટ ફિલ્મને યુ ટયુબ પર પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.